dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
October 2011 For private circulation only Vol. 03 - Issue 68

પર્વો અને તહેવારો માનવસમાજના સામૂહિક હર્ષોલ્લાસનાં પ્રતીક છે. તહેવારો માનસિક શકિત પણ વધારે છે. તહેવારો દ્વારા જ મનોયોગ થાય છે. સમાજનાં બધાં સ્તરોમાં પર્વ અને તહેવારો આદિકાળથી પ્રવર્તમાન છે. સંસ્કૃતિના પ્રચારમાં એમનું ઘણું મહત્વ છે. કલાને પણ તે અનેક રીતે પોષે છે.

શારીરાજન્

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

આપણે ભારતીયો ઉત્સવપ્રિય લોકો. ઉત્સવ ટાણે મન પ્રફુલ્લિત રહે. મનના મોર ટહૂકા કરે. પરિવાજનો સ્વજનો સાથે આનંદની ઉજવણી-વહેંચણી થાય. દુઃખો કે સમસ્યાઓ ઘડીભર ભૂલાઈ જાય. દિવાળી તો પ્રકાશનું પર્વ. અંધકારને ઓગાળી દેવાનું અને અજવાસનું સામ્રાજ્ય સ્થાપવાનું પર્વ. કવિ મકરંદ મુસાળે સ્વયં અજવાસ બની જવાનું જણાવે છે :

" જોઉં છું કે કોણ રોકે છે તને, જા,
તું ફરીવળ ચોતરફ અજવાસ જેવું."

અજવાળું ઉછી ઉધારનું ન ચાલે. પોતાનું હોવું જોઈએ.

મોટા મોટા ગ્રંથો ન સમજાવી શકે એ વાત કયારેક એકાદ નાનકડું કાવ્ય સમજાવી દેતું હોય છે. કવિની અને તેની કલમે રચાયેલી કવિતાની એ તાકાત હોય છે. કવિ ભોગીલાલ ગાંધીનું એક નાનું અર્થસભર કાવ્ય નવા વર્ષની શુભકામનાઓ સ્વરૂપે આપને પ્રસ્તુત કરું છું. શકય છે અંદરના ભીડાયેલા કોઈના કમાડ આ કાવ્યનો અર્થ પામીને ખૂલી પણ જાય. કાવ્ય આ પ્રમાણે છે :

તું તારા દિલનો દીવો થા ને, ઓ રે ઓ રે ઓ ભાયા !
રખે કદી તું ઉછીનાં લેતો, પારકાં તેજ ને છાયા;
એ રે ઉછીનાં ખૂટી જશે ને, ઊડી જશે પડછાયા...
કોડિયું તારું કાચી માટીનું, તેલ-દિવેટ છુપાયાં,
નાની-શી સળી અડી ન અડી, પરગટશે રંગમાયા...
આભમાં સૂરજ, ચંદ્ર ને તારા, મોટા મોટા તેજરાયા,
આતમનો તારો દીવો પેટાવવા, તું વિણ સર્વ પરાયાં,

ઉછીનું કે ઉધારનું લીધું હોય તે બહુ લાંબો સમય કામ આવતું નથી. છેવટ સુધી તો પોતાનું હોય તે જ સાથ આપે છે. ઘરના આંગણે દીવો પ્રગટાવીએ છીએ તે તો એક પ્રતીક છે. ખરેખર તો આત્માનો દીવો આપણે પ્રગટાવવાનો છે. એ જો એક વાર પ્રગટી ગયો તો પછી મજો જ મજો. બધું જ ઝળહળ ઝળહળ! એટલે તો આપણાં શાસ્ત્રોમાં કહયું છે :

'આત્મ દીપો ભવ.'

અલબત્ત આ કામ અઘરું છે. બહારનો દીવો જેટલી સરળતાથી પ્રગટાવી શકાય એટલી સરળતાથી અંદરનો દીવો પ્રગટાવી શકાતો નથી. શ્રેષ્ઠ હોય, ઉત્તમ હોય તે અઘરું જ હોવાનું. પણ શ્રેષ્ઠ, ઉત્તમ હોય તે કામ અઘરું હોવા છતાં કરવા જેવું ખરું. આત્મસંતોષ પણ અઘરાં અને શ્રેષ્ઠ કામ કરવાથી જ પ્રાપ્ત થાય છે. કામ કરતી વખતે આપણું મન પરિણામરૂપી ફળ તરફ દ્રષ્ટિ કરતું હોય છે એટલે કામ કરતી વખતે કામ કર્યાનો પ્રાપ્ત થતો આનંદ પણ આપણે ગુમાવી દઈએ છીએ. ગીતાકારે તેથી તો કહયું છે :

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोस्त्वंकर्मणि ।।

(અર્થાત્ તારો કર્મમાં જ અધિકાર છે, ફળમાં કદી નથી; તું કર્મફળના હેતુવાળો ન થા; તેમજ કર્મ ન કરવામાં તારી આસકિત ન થાઓ.)

જીવનમાં, વિવિધ પ્રકારના સંબંધોમાં અને અનેક પરિસ્થિતિઓમાં આપણે આત્માના પ્રગટેલા દીવાના પ્રકાશથી વર્તવું જોઈએ. એમ વર્તવાથી એક અદ્ભુત વિશ્વ આપણી સમક્ષ પ્રગટતું જશે. આપણી અંદર જ પ્રેમનો, શાંતિનો, આનંદનો સંચાર થવા લાગશે. જિંદગીનો પરમ અને સર્વોચ્ચ ઉદ્દેશ પણ આ જ છે. પ્રતિકૂળતાઓ, સમસ્યાઓ, દુઃખોનું અંધારું અંદર દીવો પ્રજવલિત થવાની સાથે આપોઆપ દૂર થઈ જશે. એક જુદા જ પ્રકારની ઊર્જા અને એક જુદા જ પ્રકારની ચેતનાનો, જિંદગીની પાર વિનાની શકયતાઓનો એથી અનુભવ થશે. આપણું અને આપણી આસપાસની વ્યકિતઓનું જીવન એથી વધારે સુખ, શાંતિ અને આનંદરૂપ બનશે. નવા વર્ષે આપણાં સ્નેહનું બંધન વધારે મજબૂત બને એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના સાથે આપની જીવનયાત્રા પ્રકાશમય બને એ જ અભ્યર્થના, એ જ શુભકામના, એ જ શુભભાવના !!

૩૧ ઓકટોબર, ૨૦૧૧

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## સેમિનાર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને વી.ટી. ચોકસી બી.એડ. કોલેજ, સુરતના સંયુકત ઉપક્રમે તા. ૨૧-૨૩ જાન્યુઆરી, ૨૦૧૨ દરમ્યાન યુનિવર્સિટી પરિસર ખાતે "૨૦૨૦માં ઉચ્ચશિક્ષણ" (Higher Education in the year 2020) વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. આ સેમિનારના પેટ્રન તરીકે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર અને સાર્વજનિક સોસાયટીના શ્રી કશ્યપ મહેતા, અને કુલસચિવશ્રી જે.આર. મહેતા રહેશે. આ સેમિનારની વધુ વિગત માટે સેમિનારના કન્વીનર યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના ડૉ. ઉમ્મેદસિંહ અને સહ કન્વીનર વી.ટી.ચોકસી બી.એડ. કોલેજના પ્રિ. ડૉ. વિનોદ પટેલનો સંપર્ક કરવો.

## આરોગ્ય

યુનિવર્સિટીના શિક્ષણ વિભાગ દ્વારા તા. ૩૦-૯-૨૦૧૧ના રોજ આરોગ્ય કેમ્પનું આયોજન મહાનગરપાલિકા, સુરતના સહકારથી કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત ડૉકટરશ્રીઓનું સ્વાગત કો-ઓર્ડિનેટર ડૉ. ઉમ્મેદ સિંહે કર્યું હતું. આ કેમ્પમાં શિક્ષણ વિભાગની ૨૫ વિદ્યાર્થિનીઓ, ૨૦ વિદ્યાર્થીઓ તથા ૧૨ કર્મચારીઓના બ્લડ ગૃપ, હિમોગ્લોબીન, વજન વગેરેનું ચેક અપ ડોકટરો સાથે આવેલ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. મુકેશ સુરતી અને ડૉ. અર્પિતાએ આરોગ્ય અંગે ચેક અપ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

## એમ.એડ. સ્વનિર્ભર કોર્સ

યુનિવર્સિટીના શિક્ષણ વિભાગમાં કાર્યરત એમ.એડ. સ્વનિર્ભર અભ્યાસક્રમને એન.સી.ઈ.ટી. દ્વારા માન્યતા પ્રદાન કરવામાં આવેલ છે. નેશનલ કાઉન્સિલ ફોર ટિચર એજયુકેશન વેસ્ટર્ન રીજીયન કમિટિ, ભોપાલની ગાઈડ લાઈન મુજબ શૈક્ષણિક અને અભ્યાસક્રમ સંબંધિત વ્યવસ્થા (એમ.એડ. સ્વનિર્ભર અભ્યાસક્રમ સંબંધિત) યુનિવર્સિટી દ્વારા શિક્ષણ વિભાગમાં ઊભી કરી સ્વનિર્ભર અભ્યાસક્રમ શરૂ કરવા મંજુરી પ્રદાન કરવામાં આવેલ છે. આ અભ્યાસક્રમમાં ૩૫ બેઠકો મંજુર કરવામાં આવેલ છે. આ અભ્યાસક્રમના કો-ઓર્ડિનેટર તરીકે શિક્ષણ વિભાગના પ્રો.ડૉ. ઉમ્મેદસિંહની નિમણૂંક યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ છે.

## KCG WORKSHOP

The Knowledge Commission of Gujarat organized a one day workshop for mentors of various subjects. Prof. Parwez Abbasi of Sociology, Prof. M. N. Reddy of Life (Bio)Sciences and Dr. Mahesh Dey of English were invited to represent the Veer Narmad South Gujarat University, Surat in the above workshop held at M.G. Science Institute, Ahmedabad on Oct.1, 2011. As mentors of different subjects, they prepared lists of various themes and various resources persons in the respective subjects. The K.C.G. will use these lists for organizing several workshops in different parts of Gujarat for college lecturers to effectively implement the C.B.C.S. at the undergraduate level through out the state. The above faculty members would work as resource persons in different programmes to be organized by the K.C.G.in future.

## વ્યાખ્યાન




MSW Programme, Dept of Sociology had arranged special lectures on "Research Methodology" and "Social Problems" in the seminar hall, Social Science Building. The guest faculty was Professor Puspendra Surana from Jodhpur, who at present is a faculty in IIT Jodhpur. The lectures were conducted on 3rd, 4th, 5th and 7th of October. It was really enlightening for the students and the faculty as a whole.

## નવરાત્રી



MSW Programme had organized a Garba Day celebration on 5th of October and students in large number actively participated with full enthusiasm and team spirit. The event was made more memorable by organizing a Signature campaign on Anti-terrorism on the same day. Each student supported the event by giving signature and their views.

## ઉજવણી



એમ.એસસી. બાયોટેકનોલોજી સ્વનિર્ભર અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૧૩-૧૦-૨૦૧૧ના રોજ રંગોળી સ્પર્ધા કરવામાં આવી હતી. જેમાં કુલ ૧૫ વિદ્યાર્થીઓના ગૃપમાંથી વિજેતા થનારને પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમ આપવામાં આવ્યા. જે પૈકી પ્રથમ ક્રમે સેમેસ્ટર-૯નાં (છગન આહીર ગૃપ), દ્વિતીય ક્રમે સેમેસ્ટર-૩નાં (દેસાઈ જાગૃતિ ગૃપ) અને તૃતિય ક્રમે સેમેસ્ટર-૯નાં (દેસાઈ હિનલ ગૃપ) વિજેતા થયા હતા. જેમની રંગોળીનું મુલ્યાંકન ત્રણ ગૃપ (શૈક્ષણિક સ્ટાફ, બિન શૈક્ષણિક સ્ટાફ અને વિઝીટીંગ સ્ટાફ) દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. મયુરીબેન રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સ્પર્ધા



એમ.ડી. યુનિવર્સિટી, રોહતક મુકામે આંતર યુનિવર્સિટી ક્રોસકન્ટ્રી (ભાઈઓ/બહેનો)ની ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરના પ્રમુખ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. કુલપતિશ્રીએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટર પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી મોહન મોયરાએ કોચીંગ આપ્યું હતુ અને મેનેજર તરીકે શ્રીમતી ધર્મિષ્ઠાબેન દવે સેવા આપી રહયા છે. ટીમ : ૧) કુ. ગામીટ નીલા, ૨) કુ. ગામીત અનસુ, ૩) કુ. ગામીત અંકીતા, ૪) કુ. વસાવા અંજના, ૫) કુ. ગનવીત રીના, ૬) કુ. વનજાર વંસતા, ૭) શ્રી જાદવ કનુ, ૮) કુ. રાઉટ હરેશ, ૯) શ્રી કોકાંણી ગામા, ૧૦) કુ. વસાવા રવીદાસ, ૧૧) કુ. વસાવા દિલીપ, ૧૨) કુ. ચૌધરી સુનીલ, ૧૩) કુ. ચૌધરી મેહુલ, ૧૪) કુ. ચૌધરી રાહુલ.



બરકતુલ્લા યુનિવર્સિટી, ભોપાલ મુકામે આંતર યુનિવર્સિટી ફુટબોલ (ભાઈઓ)ની ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરના પ્રમુખ પદે તથા બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી ડૉ. વિનોદભાઈ પટેલના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. કુલપતિશ્રીએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી આમલા યાકુબએ કોચીંગ આપ્યું હતુ અને મેનેજર તરીકે પ્રો. ખુશાલચંદ સોલંકી સેવા આપી રહયા છે. ટીમ : ૧) શ્રી કોઠારી ચિરંજીવ, ૨) શ્રી મહેતા સિધ્ધાંત, ૩) શ્રી ગાડાવાલા મુંદયર, ૪) શ્રી મુલ્લા રિઝવાન, ૫) શ્રી સૈયદ તનવીર, ૬) શ્રી સાફેદા જાહીદ, ૭) શ્રી શેખ હાફિઝ, ૮) શ્રી મિચલા આર.એ., ૯) શ્રી અબ્રહમ પિંકલ, ૧૦) શ્રી પટેલ સઈદ, ૧૧) શ્રી પઠાણ સાહીદ, ૧૨) શ્રી શેખ શોએબ, ૧૩) શ્રી શેખ મોહમ્મદ, ૧૪) શ્રી કસુડીયા ગૌરવ, ૧૫) શ્રી બીસ્ટ દલબાહદુર.

## ગ્રંથાલય ડેટા

તા. ૧-૯-૨૦૧૧ થી તા. ૩૦-૯-૨૦૧૧ સુધીની માહિતી

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | નોંધાયેલ કુલ સભ્યો | ૨૨૫૮ |
| ૨ | મુલાકાતીઓ | ૫૯૯૧ |
| ૩ | ઈન્ટરનેટ યુઝર્સ | ૧૫૦૯ |
| ૪ | નોંધાયેલ કુલ વાઈફાઈ યુઝર્સ | ૫૮ |
| ૫ | પુસ્તક ઈશ્યુ | ૧૭૪૫ |
| ૬ | પુસ્તક પરત | ૧૭૯૨ |

## કાર્યશિબિર



બોર્ડ ઓફ સ્પોર્ટસ એન્ડ રીક્રીએશન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે શારીરિક શિક્ષણના વ્યાખ્યાતાઓ માટે એક કાર્યશિબિરનું આયોજન સાપુતારા ખાતે તા. ૮-૯/૧૦/૨૦૧૧ દરમ્યાન થયું. જેમાં ૭૦ જેટલા શારીરિક શિક્ષણના વ્યાખ્યાતાઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. કાર્યશિબિરનું ઉદ્‌ઘાટન આહવા-ડાંગ મતવિસ્તારના ધારાસભ્યશ્રી વિજયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને તથા રજીસ્ટ્રાર શ્રી જે.આર. મહેતા તેમજ પ્રિ. ડૉ. વિનોદભાઈ પટેલ, ચેરમેનશ્રી બોર્ડ ઓફ સ્પોર્ટસની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. ધારાસભ્યશ્રી વિજયભાઈ પટેલે સમારંભના અધ્યક્ષ સ્થાનેથી સૌને આવકારતા મન અને અર્ધજાગૃત મનની વાતો દ્વારા સર્વ અધ્યાપકશ્રીઓને પ્રેરણા અર્પણ કરી. સિન્ડિકેટ મેમ્બરશ્રી કિરીટસિંહ જે. વાંસદિયાએ શારીરિક શિક્ષણના પ્રવાહો વિશે માહિતી આપી. પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમમાં કુલસચિવશ્રી જે.આર. મહેતાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. કુલસચિવશ્રી જે.આર. મહેતાને સાલ ઓઢાડીને સત્કારવામાં આવ્યા.

## ઉજવણી



યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્ય વિભાગ હેઠળ ચાલતા હિન્દી અનુસ્નાતક કેન્દ્રમાં તા. ૧૪ સપ્ટેમ્બરના રોજ વિભાગાધ્યક્ષ ડૉ. દમયંતીબહેન પરમારના અધ્યક્ષપદે હિન્દી દિવસ મનાવવામાં આવ્યો હતો. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં નિવૃત્ત પ્રાધ્યાપક ડૉ. વસંતરાવ જાધવે જણાવ્યું હતું કે હિન્દી દિવસનું મહત્વ માત્ર ૧૪ સપ્ટેમ્બરના રોજ ન હોવું જોઈએ, પરંતુ હિન્દી ભાષાનું સ્થાન સમગ્ર રાષ્ટ્રમાં પ્રથમક્રમે રહે તે માટે આપણે પ્રયત્નશીલ રહેવું જોઈએ. અતિથિ વિશેષ તરીકે એમ.ટી.બી. આર્ટસ કોલેજના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. મધુકર પાડવી ઉપસ્થિત રહયા હતા. આભાર વિધિ ડૉ. મનિષા મોડકે કરી હતી, જયારે કાર્યક્રમનું સંચાલન ડૉ. ફાલ્ગુની અધ્વર્યુએ કર્યું હતું.

# કોલેજ ન્યૂઝ

## એવોર્ડ



ફેકલ્ટી ઓફ આર્કીટેકચર, સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી (સ્કેટ) એ ૨૩-૨૫ સપ્ટેમ્બર દરમ્યાન ઈન્દોર ખાતે યોજાયેલ ડીઝાઈન કોમ્પીટીશનોમાં વેસ્ટ ઝોનની રૂબીન્સ ટ્રોફી મેળવેલ છે. અભિનંદન.

સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત ફેકલ્ટી ઓફ આર્કીટેકચર - સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી (સ્કેટ)ના વિદ્યાર્થી તપીસ સુદએ કાઉન્સિલ ઓફ આર્કિટેકચરની ફાઈનલ યરના બેસ્ટ થિસીસનો એકસલન્સ ઈન આર્કિટેકચર એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. અભિનંદન.

## દાંડીયાત્રા



એસ.બી. ગાર્ડા કોલેજ, નવસારીમાંથી તા. ૧૬-૯-૨૦૧૧ના રોજ મોનસૂન એજયુકેશનલ ટુર તરીકે દાંડી પ્રવાસયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસયાત્રામાં કોલેજમાંથી એફ.વાય.બી.એ./બી.કોમ.ના વિદ્યાર્થી ભાઈ-બહેનોને લઈ જવામાં આવ્યા હતા. દાંડી પ્રવાસયાત્રા દરમ્યાન દાંડી ગામ પાસે મહાત્મા ગાંધીજીના સ્મારક સ્થળ અને વાંચનાલય, પુસ્તકાલય તથા સૈફી વિલા (પ્રદર્શન કેન્દ્ર)માં વિદ્યાર્થીઓને લઈ જવામાં આવ્યા હતા અને અંતે ત્યા દરેક વિદ્યાર્થીઓ માટે નાસ્તાનો પ્રબંધ પણ કરવામાં આવ્યો હતો.

## પરિસંવાદ

બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડમાં ‘રીસન્ટ ટ્રેન્ડસ એન્ડ ચેલેન્જીસી ઈન ધી ડાયસ્ટફ ઈન્ડસ્ટ્રીઝ’ વિષય પર રાજય કક્ષાના એક દિવસીય સેમીનારનું આયોજન કરાયું હતું. જેમાં રાજય ભરના ૪૦૦ ડેલિગેટ, ટ્રસ્ટીગણ ઈન્ડસ્ટ્રીના નિષ્ણાતોએ ભાગ લીધો હતો. સેમિનારનું ઉદ્દ્ઘાટન કુલપતિ શ્રી દક્ષેશ ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંબોધન કરતા ડૉ. દક્ષેશ ઠાકરે જણાવ્યું કે શિક્ષક હોવું અને શિક્ષક થવું તે બન્ને બાબતમાં તફાવત છે. આચાર્ય ડૉ. વિકાસ દેસાઈએ શિક્ષકોને પોતાના વિષયમાં સજ્જ થવા સેમીનાર યોજવા જણાવ્યું હતું તથા રસાયણશાસ્ત્ર વિભાગને સેમીનાર માટે કરવા બિરદાવ્યા હતા. ડૉ. જયેશ દેસાઈએ સેમીનારની રૂપરેખા આપી મહત્વ સમજાવ્યું હતું. મુખ્ય મહેમાન શ્રી જીતુભાઈ દેસાઈએ રંગકના ભૂતકાળ અને વર્તમાનની ભૂમિકા આપી હતી. મુખ્ય મહેમાન શ્રીમતી વિમળાબહેને રંગકની વૈશ્વિક માહિતી આપી હતી. મહેમાનોનો પરિચય ડૉ. વિજય ચાંપાનેરી તથા કાર્યક્રમનું સંચાલન ડૉ. નંદિની ભદ્રાએ કર્યું હતું. આ સેમિનારમાં આઈ.સી.ટી. મુંબઈના માજી હેડ ડૉ. વી.આર. કાનેડકર, અતુલ ઈન્ડસ્ટ્રીઝના આર એન્ડ ડી ડીપાર્ટમેન્ટના ડૉ. એમ.યુ. રહેમાન, ઉકા તરસાડીયા યુનિવર્સિટીના બાયોટેકનોલોજી વિભાગના ડાયરેકટર ડૉ. કે.આર. દેસાઈ તથા કલર સિન્થ સુરતના માજી જનરલ મેનેજર ડૉ. મહેશભાઈ દેસાઈએ ઉપરોકત  વિષય પર સમજ આપી હતી.

## સ્પર્ધા



ગુજરાત સ્ટેટ એકવેટીક એસોસિએશન દ્વારા આયોજીત બીજી ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એકવેટીક ચેમ્પિયનશીપ-૨૦૧૧ સ્વીમીંગ સ્પર્ધા, અમદાવાદ ગુજરાત વિદ્યાપીઠ ખાતે ૦૨-૧૧-૨૦૧૧ના રોજ યોજાઈ હતી. સમગ્ર રાજયના સ્પર્ધકોમાં નવયુગ સાયન્સ કોલેજ, સુરતના ગ્રંથપાલ શ્રી પ્રવિણ બી. પટેલે (ચાર ઈવેન્ટમાં પ્રથમ અને બે ઈવેન્ટમાં દ્વિતીય) ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં પ્રથમ, ૫૦ મીટર અને ૧૦૦ મીટર બ્રેસ્ટ સ્ટ્રોકમાં પ્રથમ ૪×૫૦ મીટર ફ્રી સ્ટાઈલ રીલેમાં પ્રથમ, ૫૦ મીટર ફ્રી સ્ટાઈલમાં દ્વિતીય, ૪×૫૦ મીટર મીડલે રીલે માં દ્વિતીય સ્થાન હાંસલ કરેલ છે. આ અસાધારણ સિદ્ધિ બદલ નવયુગ કોલેજના આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલ તથા સર્વ સ્ટાફ સભ્યોએ અભિનંદન પાઠવ્યા છે. હવે તેઓશ્રી ૮મી નેશનલ માસ્ટર્સ ચેમ્પિયનશીપ - ૨૦૧૧માં તા. ૨૨ થી ૨૪ ડિસેમ્બર-૧૧ના રોજ બેંગલોર, કર્ણાટક ખાતે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. અભિનંદન.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આંતર કોલેજ સ્વીમીંગ સ્પર્ધા નારણ લાલા કોલેજના યજમાન પદે સૌપ્રથમવાર નવસારીમાં સ્વામી વિવેકાનંદ સ્વીમીંગપુલ ખાતે સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૯ કોલેજોમાં ૫૯ ખેલાડી ભાઈઓ બહેનોએ ભાગ લીધો હતો. સ્પર્ધાના ઉદ્દ્ઘાટન કાર્યક્રમમાં નારણ લાલા કોલેજના ડાયરેકટર ડૉ. આર.સી. ગાંધી નવસારી નગરપાલિકાના ચીફ એન્જીનીયર શ્રી રાજુભાઈ ગુપ્તા, ગાર્ડન એન્ડ એકયુઝમેન્ટ કમીટીના ચેરમેન શ્રી રાજુભાઈ કેવટ તેમજ યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્યો ડૉ. રૂસ્તમ સદરી, ડૉ. અશોક શાહ અને પ્રા. જીતેન્દ્રભાઈ ટંડેલ ઉપસ્થિત રહયા હતા. નારણ લાલા કોલેજના ડાયરેકટર ડૉ. આર.સી. ગાંધી એ તમામને આવકાર્યા હતા અને નવસારી નગરપાલિકાનો આભાર વ્યકત કર્યો હતો. સ્પર્ધાના આયોજનમાં અને રેફરી તરીકે શારીરિક શિક્ષણના પ્રાધ્યાપકો અને સ્વીમીંગપુલ સંચાલકો શ્રી ઈલ્યાશ શેખ અને રાજેષ પરમારે સેવા આપી હતી અને સમગ્ર સ્પર્ધાનું સંચાલન નારણ લાલા કોલેજના પ્રા. શ્રી મયુરભાઈ પટેલે કર્યું હતું. બે દિવસની સ્પર્ધામાં રાજપીપળા, સુરત, ઓલપાડ, બિલીમોરા, નવસારીના ખેલાડીઓએ પોતાની શકિત મુજબનું પ્રદર્શન કરી એકબીજાને માત આપવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં અંતે નવયુગ કોમર્સ કોલેજ સુરત પ્રથમ ક્રમે, સી.પી. ડીગ્રી કોલેજ બીજા ક્રમે અને સર કે.પી. કોમર્સ કોલેજ, સુરત ત્રીજા ક્રમે રહી હતી. સ્પર્ધાના આખરી દિવસે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સીલેકશન કમિટીના સભ્યો શ્રી ડેવિડ પોલ, યુનિવર્સિટી ડાયરેકટર ફીઝીકલ એજયુકેશન, પ્રા. ભાવેશ દેવતા, પ્રા. ઈન્દ્રવદન જડી, પ્રા. ચિરાગ દેસાઈ, પ્રા. મયુર પટેલ, પ્રા. પરિક્ષિત

ઈચ્છાપોરિયા હાજર રહી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સ્વીમીંગ અને વોટર પોલો ટીમની પસંદગી કરી હતી. જે ખેલાડી ભાઈઓ બહેનો આગામી માસમાં ઓલ ઈન્ડીયા ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધા કલકત્તા ખાતે નવેમ્બર માસમાં ભાગ લેવા જશે.

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાન ખાતે સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત પ્રા. ભાવેશભાઈ ઠાકર પુરસ્કૃત 'સ્વ. જટાશંકર નરભેરામ ઠાકર વિજયપદ્મ આંતર કોલેજ પુસ્તક પરિચય સ્પર્ધા' યોજાઈ હતી જેમા સર્વોદય બી.એડ્. કોલેજના મોદી શીતલ પ્રથમ, સરદાર પટેલ કોલેજ નવસારીના પટેલ મનીષ દ્વિતીય અને નારણલાલા બી.એડ્. કોલેજ, નવસારીના પલસાણા ભારતી ત્રીજા ક્રમે રહયા હતા. નિર્ણાયક તરીકે ડૉ. વિપીનભાઈ કિકાણી તથા ડૉ. જશુભાઈ પટેલે સેવા આપી હતી.



વી.એસ. પટેલ કોલેજના ખેલાડીઓએ નારણલાલા કોલેજમાં યોજાયેલ ઈન્ટરકોલેજીએટ ટુર્નામેન્ટમાં નીચે પ્રમાણે સિધ્ધી મેળવી. (૧) સોલંકી અભિષેક એચ. (કુસ્તીમાં ૭૪ કિ.ગ્રા. વજનમાં જુડોમાં ૭૧ કિ.ગ્રા. વજનમાં પ્રથમ આવ્યો અને ઓલઈન્ડિયા માટે પસંદગી પામ્યા.) (૨) પટેલ રોશન એન. (કુસ્તીમાં ૫૦ કિ.ગ્રા. વજનમાં જુડોમાં ૫૫ કિ.ગ્રા. વજનમાં પ્રથમ આવ્યો અને ઓલઈન્ડિયા માટે પસંદગી પામ્યા.) (૩) પાટીલ કિરણ આર. (કુસ્તીમાં ૮૪ કિ.ગ્રા. વજનમાં જુડોમાં ૮૧ કિ.ગ્રા. વજનમાં દ્વિતીય આવ્યો અને કુસ્તી ઓલઈન્ડિયા માટે પસંદગી પામ્યા.) (૪) પટેલ આકાશ એ. સ્વીમીંગમાં તૃતીય આવ્યા. વોટરપોલ ટીમમાં ઓલઈન્ડિયા ઈ.યુનિ. માટે પસંદગી પામ્યા.

સાર્વજનિક કોલેજ આફ પર્ફોર્મિંગ આર્ટ્સ દ્વારા આયોજિત આંતર કોલેજ ટ્રેક સંગીત પર ગીત ગાવાની સ્પર્ધા, નૃત્ય કરવાની સ્પર્ધા તથા એક પાત્રીય અભિનય સ્પર્ધામાં સર્વોદય બી. એડ્. કોલેજ, સુરતની તાલીમાર્થી સક્ષેના રીમાબેન જી. ગીત સ્પર્ધામાં દ્વિતીય ક્રમે તથા નૃત્ય સ્પર્ધામાં તૃતીય ક્રમે વિજેતા નીવડયા હતા તથા તાલીમાર્થી વઘાસિયા જાગૃતિબેન ટી.એ. એકપાત્રીય અભિનય સ્પર્ધામાં પ્રોત્સાહન ઈનામ પ્રાપ્ત કર્યું હતું.

તા. ૩૦-૯-૧૧ના રોજ, સાર્વજનિક એજયુકેશન સોસાયટીની શતાબ્દિ વર્ષની ઉજવણી તથા નવરાત્રી નિમિત્તે સર કે.પી. કોલેજ ઓફ કોમર્સમાં આરતી શણગાર તથા માટલી શણગાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. યુ.ટી. દેસાઈના માર્ગદર્શન અને પ્રોત્સાહન વડે યોજાયેલ આ સ્પર્ધામાં નિર્ણાયકો તરીકે પ્રા. શ્રીમતી એસ.પી. દેસાઈ તથા ભરથાણા કોલેજના પ્રા. શ્રીમતી મયુરી કે. દેસાઈએ સેવા આપી હતી. પરિણામઃ ટ્રેડિશનલ આરતી : પ્રથમ-કુ. દયા ચોટવડીયા, દ્વિતીય-કુ. ક્રિષ્ના વિરડીયા, તૃતીય-કુ. લિન્સા જૈન, કુ. એકતા સુરતી. માટલી શણગારઃ પ્રથમ-કુ. નેન્સી ઢબુવાલા, દ્વિતીય-કુ. શ્રધ્ધા કાછડીયા, તૃતીય-કુ. ક્રિષ્ના વિરડીયા.

તા. ૨૭-૦૯-૧૧ના રોજ હોમિયોપેથીક વિલેટમ સુજલરની જન્મજયંતી નિમિત્તે સી.એન. કોઠારી હોમીયોપેથીક મેડીકલ કોલેજ તથ રિસર્ચ સેન્ટર, વ્યારામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકગણ દ્વારા 'મટીરીયા મેડીકા ડ્રગ પર્સનાલિટી કોમ્પિટીશન'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓએ મોનોએકટીંગ તથા ગ્રૂપ એકટીંગ દ્વારા મટીરીયા મેડીકાની વિવિધ દવાઓના લક્ષણો નાટયાત્મક રીતે ભજવ્યા હતા. આ સ્પર્ધામાં (૧) કોલેજના આચાર્યશ્રી ડૉ. (મીસીસ) જયોતિ આર. રાવ (૨) કોલેજના પ્રાધ્યાપક ડૉ. (મીસીસ) વર્ષા એમ. બુરડ (૩) પ્રાધ્યાપક ડૉ. નિતિન વશી, તથા (૪) ડૉ. જે.એન. પટેલે નિર્ણાયકની ભૂમિકા સંભાળી હતી. મોનોએકટીંગ તથા ગ્રૂપ એકટીંગના વિજેતાઓને પ્રથમ, દ્વિતીય તથા તૃતીય પારિતોષીક આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. પી.આર. પટેલ, પ્રા. ડૉ. દિલીપ માહેશ્વરી, ડૉ. ભાવિન મોદી તથા ડૉ. ભાવના પટેલ દ્વારા આચાર્યા ડૉ. જયોતિ રાવ કોલેજના એડિશનલ એકઝીકયુટીવ ડાયરેકટર ડૉ. અજય દેસાઈ તથા એકેડેમિક ઈન્ચાર્જ ડૉ. મહેન્દ્ર કે. બુરડના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરામાં નોલેજ કોન્શોર્સીયમ ઓફ ગુજરાત નિર્દિષ્ટ સપ્તધારા કાર્યક્રમ અંતર્ગત ગીત-સંગીત, નૃત્ય ધારા હેઠળ ભજન તેમજ સુગમ સંગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ૨૫ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ભજનમાં પ્રથમ-વશી હેત્વી પી. દ્વિતીય-જોષી હેમાલી, તૃતીય-પટેલ દિપીકા રહયા હતા. તેમજ કંસારા રિધ્ધિ, પટેલ દિવ્યેશ અને પટેલ હેમાંગે આશ્વાસન ઈનામ મેળવ્યા હતા. સુગમ સંગીતમાં પ્રતમ-કુ. કંસારા રિધ્ધિ અને, દ્વિતીય-જોષી હેમાલી વિજેતા થયા હતા. નિર્ણાયક તરીકે ગીત-સંગીત, નૃત્યધારાના સદસ્ય રસાયણ વિભાગના ડૉ. લોપાબેન પટેલ અને કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થિની ભાવિ જોષીએ સેવા આપી હતી. આચાર્યશ્રી ડૉ. એમ.એન. વશીએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. આ સ્પર્ધાને સફળ બનાવવામાં ગીત-સંગીત-નૃત્યધારાના અધ્યક્ષા અને ઉપાચાર્ય ડૉ. આશાબેન ભટ્ટ, ઉપાધ્યક્ષ ડૉ. આશિતભાઈ દેસાઈ અને ડૉ. અબ્દુલભાઈ શેખે યોગદાન આપ્યું હતું. કોલેજના સૌ સ્ટાફ સભ્યોએ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

દિનશાહ દાબુ લો કોલેજ, નવસારીમાં તા. ૫-૯-૨૦૧૧ના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. તા. ૮-૯-૧૧ના રોજ આંતરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ નિમિત્તે કોલેજના ડિબેટ સમિતિના અધ્યક્ષ પો. બી.બી. પટેલ દ્વારા ડિબેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું હતું જેનો વિષય "શિક્ષણમાં અંગ્રેજી હોવું ફરજીયાત કે મરજીયાત?" રાખવામાં આવેલ હતો. જેમાં નિર્ણાયક તરીકે વાઈસ પ્રી. કે.એચ. બુહારીવાલા તથા પ્રો. યુ.ટી.દેસાઈએ પરિણામો જાહેર કર્યા હતા. જેમાં પ્રથમ-રાજન જોષી અને સુશીલ મિશ્રા, દ્વિતીય-સુનીલ પગારે અને તૃતીય-કૃણાલ પટેલ અને હિરલ શાહ વિજેતા રહયા હતા. તા. ૨૩-૯-૧૧ અને ૨૪-૯-૧૧ના રોજે નેશનલ સ્પોર્ટ ડેની ઉજવણી નિમિત્તે જીમખાના સમિતિના અધ્યક્ષ પ્રો. વાય.જે. ભંડારી તથા જીમખાના મંત્રી રીતેશ પટેલ દ્વારા ઈન્ડોર ગેઈમ્સનું આયોજન કરવામાં આવેલ જેમાં કેરમ, ચેસ અને ટેબલ ટેનિસ જેવી સ્પર્ધાઓ થઈ હતી. ચેસમાં પ્રથમ-સુનીલ પગારે, દ્વિતીય-ઢીમ્મર હિમાંશુ, છોકરીઓમાં પ્રથમ-મુલતાની પિનાઝ, દ્વિતીય-નીતા કોરડે, ટેબલ ટેનિસમાં પ્રથમ-મીતુલ પટેલ, દ્વિતીય-ધર્મેશ પટેલ, છોકરીઓમાં પ્રથમ-કિર્તી પટેલ, દ્વિતીય-તેજલ પારેખ તેમજ કેરમમાં પ્રથમ-ધર્મેશ પટેલ અને જેસલ પટેલ, દ્વિતીય-ઈબ્રાહીમ દીલરે અને તેજસ પટેલ તથા છોકરીઓમાં પ્રથમ-કિર્તી પટેલ અને તેજલ પારેખ, દ્વિતીય-એશા રાણા અને મુલતાની પિનાઝ વિજયી રહયા હતા.

તા. ૧૬-૯-૧૧ના રોજ શ્રી છોટુભાઈ પુરાણી ડીગ્રી કોલેજ રાજપીપળા ખાતે નર્મદા જીલ્લાનો ૪૪મો જીલા મહોત્સવ યોજાયો હતો. જેમાં શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલના (૧) વકૃત્વ સ્પર્ધા : ભાટિયા પરિમલ-બીજા, (૨) કાવ્યલેખન : વસાવા

મુકેશ એન.-ત્રીજા, (૩) લગ્નગીત : મહારાઉલજી મિતલ ગ્રૂપ-ત્રીજા ક્રમે વિજેતા થયા હતા.

## એન.એસ.એસ.




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા તા. ૧૮, સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ યોજાયેલ આ કાર્યશિબિરમાં કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર અધ્યક્ષ સ્થાને અને ઉદ્‌ઘાટકશ્રી તરીકે સદ્‌વિદ્યા મંડળના ચેરમેનશ્રી મુકુલભાઈ ઠાકોર, મુખ્ય વકતા એકેડેમિક સ્ટાફ કોલેજ રાજકોટના ડાયરેકટર ડૉ. ભદ્રાયુ વછરાજાની, અતિથિ વિશેષ પદે એન.એસ.એસ. રીજીયોનલ ઓફિસના હેડ તથા યુથ ઓફિસર શ્રી કમલકુમાર કર, સ્ટેટ લાયોઝન ઓફિસર એન.એસ.એસ. ડૉ. એન.કે. ફીટર, શ્રી સદ્‌વિદ્યા મંડળના જોઈન્ટ સેક્રેટરી શ્રી જીવરાજભાઈ પટેલ અને યુનિવર્સિટીના એન.એસ.એસ. ઈન્ચાર્જ પ્રોગ્રામ કોઓર્ડિનેટર ડૉ. એ.એન. માલવિયા આ કાર્યક્રમમાં હાજર રહયા હતાં. આ શિબિરમાં આચાર્યશ્રી અને મંચસ્થ મહાનુભાવોએ કુલપતિશ્રીનું શાલ ઓઢાડી અને સ્મૃતિ ચિહન અર્પણ કરીને સન્માન કર્યું હતું. મંચસ્થ મહાનુભાવોનો પરિચય અને શુભેચ્છા સંદેશાઓનું પઠન પ્રા. મીનલબેન દવેએ કર્યું હતું આ પ્રસંગે કોલેજના મુખપત્ર 'લ્યુમિનસ'નું વિમોચન કરાયું હતું. કુલપતિશ્રીએ એમના વકતવ્યમાં "તરે અને તારે એવા અભિગમ વાળા માણસોની સમાજને જરૂર છે." પ્રોગ્રામ ઓફિસરને સંબોધતા તેમણે કહયું હતું કે "સેવાકીય પ્રવૃત્તિ કરવાની તક ઈશ્વર તરફથી તમને મળેલ ભેટ સમાન છે." ડૉ. ભદ્રાયુ વછરાજાનીએ પોતાના વકતવ્યમાં રાષ્ટ્ર, સેવા અને યોજના શબ્દોની વિસ્તૃત સમજાણ આપી હતી. તમે ભારત 'દેશ'ના નહિં 'રાષ્ટ્ર'ના એકમ છો. શ્રી કમલકુમાર કર, ડૉ. એન.કે. ફીટર, ડૉ. એ.એન. માલવિયા, શ્રી મુકુલભાઈ ઠાકોરે પણ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. દ્વિતીય તેમજ તૃતીય બેઠક દરમ્યાન શ્રી પરાગજી બાપૂ, પ્રો. એસ.ડી. ઠાકર, પ્રા. મયંક શાહ અને પ્રિ. હેમાલીબેન દેસાઈ, એન.એસ.એસ.ના સ્વયંસેવકો, કોલેજનો શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી ગણ મોટી સંખ્યામાં હાજર રહયા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. પી.જી. નાયકે કર્યું હતું. વકતાશ્રીઓનો પરિચય અને આભાર વિધિ પ્રા. કે.પી. તાવિયાડ, પ્રા. નીતાબેન ચૌધરી અને પ્રા. એન.બી. ચૌહાણે કરી હતી. અંતમાં રાષ્ટ્રગીત ગાઈને શિબિરનું સમાપન કરવામાં આવ્યું હતું.



## ઊજવણી

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં ગાંધી જયંતિ પ્રસંગે "ગાંધી સ્મરણ પર્વ"ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સ્વાતંત્ર્ય સેનાની શ્રી પરાગજી બાપુ ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં શ્રી પરાગજી બાપુ, સંસ્થાપક શ્રી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજીએ ચિત્ર પ્રદર્શન મુકયું હતું. કાર્યક્રમના અધ્યક્ષશ્રી પરાગજી બાપુએ આ ભાવિ શિક્ષકોને પોતાના જીવનમાં ગાંધીજીના નિયમો, વ્રત અને સત્ય-અહિંસાના ગુણો ખીલવી વ્યકિત વિકસાવવાની વાત કરી હતી. આ કાર્યક્રમ અંતર્ગત ૫૦% ડિસ્કાઉન્ટથી પુસ્તકોનું વેચાણ કરવામાં આવ્યું હતું. ખાદી ગ્રામોદ્યોગ ભરૂચના સહયોગથી ખાદી સ્ટોલનું આયોજન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું હતું. આ પ્રસંગે સામાજીક વિજ્ઞાન મંડળ દ્વારા સૌ તાલીમાર્થીઓ અને અધ્યાપકોને ગાંધીજીની આત્મકથા ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.



શ્રી ઈ.ખો. ચાવડા ગ્રામવિદ્યાપીઠમાં ધારાસભ્યશ્રી અમીતભાઈ ચાવડાના સૌજન્યથી નથાબંધી આબકારી ખાતાના સૌજન્યથી નશાબંધી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે નશાબંધી ઉપર વકૃત્વ સ્પર્ધા યોજાઈ હતી રાષ્ટ્રીય સેવા યોજનાના સેવકોએ ભાગ લીધો જેમાં પ્રથમ-વારીસચીલી, બીજો-ધર્મેશકુમાર તથા ત્રીજો-ભરતકુમાર વિજેતા થયા હતા. વિજેતાને ટ્રોફી આપી હતી અને અન્યને સ્મૃતિચીન્હ આપ્યાં હતાં. ત્યારબાદ ડૉ. મીનાક્ષીબેને પ્રદર્શન ખુલ્લુ મૂકયું હતું. ૧૬૮ રાષ્ટ્રીય સેવા યોજનાના સેવકોએ પ્રતીજ્ઞા લીધી હતી કે નસીલા પદાર્થથી દૂર રહેવું જોઈએ. સભાનું સંચાલન પ્રોગ્રામ ઓફીસરે કર્યું હતું.




જે.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસરના એનસીસી / એનએસએસ / સપ્તધારા / સંસ્કૃતિક વિભાગના સહયોગથી તથા નશાબંધી-આબકારી ખાતુ-ભરૂચ પ્રેરિત બીજી ઓકટોબરે મહાત્મા ગાંધીજીની જન્મજયંતિની ઉજવણી સંપન્ન થઈ. જંબુસર એસ.ટી. સર્કલથી સ્વરાજ ભવન સુધી 'વ્યસન મુકિત રેલી'નું આયોજન થયું હતું. રેલીને પ્રસ્થાન નશાબંધી ખાતુ, ભરૂચના શ્રી ડી.ડી. ગોહિલ, દૌલતસિંહ રાણા, ઈ.આચાર્ય પ્રા. આર.એસ. ક્ષત્રિય તથા જનતા કેળવણી મંડળના ખજાનચી શ્રી અજયભાઈ ભંડારીએ કરાવ્યું હતું. એનસીસી/એનએસએસના વિદ્યાર્થીઓ સંગીતમય તાલબધ્ધ સુત્રોચાર, સુત્રોના પાટિયાથી જંબુસર શહેરમાં




ભારે આકર્ષણ જમાવ્યું હતું. સ્વરાજ ભવનમાં એનએસએસના વિદ્યાર્થીઓ બીજી ઓકટોબર પહેલા સાફ સફાઈ કરી હતી. રેલીના સમાપનમાં વ્યસનમુકિતની પ્રતિજ્ઞાઓ લીધી હતી અને સ્વરાજ ભવનની મુલાકાત લીધી હતી. ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી શ્રદ્ધાંજલી અર્પી હતી. બીજા તબકકામાં 'વ્યસન મુકિત' આધારિત સાંસ્કૃતિક પ્રોગ્રામમાં 'નશો કરે વિનાશ' નાટિકા, કવ્વાલી તથા દેશ ભકિતના ગીતો પર અભિનય રજૂ કરી સોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. રવિવાર હોવા છતાં વિદ્યાર્થીઓ પરિવહન ખર્ચ વેઠીને ગાંધીજીને અંજલિ અર્પવા મોટી સંખ્યામાં હાજર રહયા હતા. કાર્યક્રમને સફળતા પૂર્વક પાર પાડવા એનસીસીના કેપ્ટન પ્રા. ડી.એમ. વાઘેલા, એનએસએસ ના પ્રો.ઓ.પ્રા. એમ.કે. શાહ, પ્રા. જે.જે. જોષી, પ્રા. સી.જી. ડામોર, પ્રા. નયનાબેને મહત્વનું યોગદાન આપ્યું હતું. કાર્યક્રમ બાબતે નશાબંધી ખાતું ભરૂચ તથા અન્ય મહેમાનોએ મુકતકંઠે પ્રશંસા કરી હતી.




તા. ૫-૯-૧૧ના રોજ ડૉ. રાધાક્રિષ્ણન મેનનના જન્મદિન નિમિત્તે સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારામાં 'શિક્ષક દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના વિવિધ વર્ગન વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણકાર્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ 'શિક્ષકદિન'ના તમામ શિક્ષકોએ પોતાના અનુભવ વર્ણવ્યા હતા. ત્યારબાદ દરેક વર્ગદીઠ પ્રથમ અને દ્વિતિય વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે (૧) કોલેજમાં વિદ્યાર્થીઓ દ્વારા મોબાઈલનો ઉપયોગ, (૨) સોસીયલ નેટવર્કિંગના ફાયદા અને ગેરફાયદા વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ડૉ. ધીયા, ડૉ. થરાણી તથા ડૉ. બેનર્જી દ્વારા એકસપર્ટ તરીકે સેવા અપાઈ હતી. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. (મિસીસ) બેનર્જી તથા ડૉ. ભાવના દ્વારા કરવામાં આવ્યું હતું. તદ્પરાંત તા. ૧-૯-૧૧ થી ૧૧-૯-૧૧ દરમ્યાન ગણપતિ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમા વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ 'ઈન્વાયરમેન્ટ ફ્રેન્ડલી' ગણપતિની પ્રતિકૃતિઓનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.



## વ્યાખ્યાન

સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ, વ્યારામાં તા. ૧૩-૯-૧૧ના રોજ યુનિવર્સિટીના એમ.એચ.આર.ડી.ના અધ્યક્ષશ્રી ડૉ. કિરણ પંડયાનું What Determines Success વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. પ્રિ. ડૉ. જયોતિ રાવ તથા સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. ઘનશ્યામ રાવલ દ્વારા શબ્દો તથા પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવ્યું. ડૉ. કિરણ પંડયાએ તેમના વ્યાખ્યાનમાં સફળતાના નવ મંત્રોનું વિસ્તૃતીકરણ કર્યું હતું. ડૉ. વર્ષા બુરડ દ્વારા આભારદર્શન અને સંચાલન કરવામાં આવ્યું.



## પ્રદર્શન

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં 'પર્યાવરણ શિક્ષણ આધારિત પ્રદર્શન' યોજાયું હતું. જેમાં તાલીમાર્થીઓએ પર્યાવરણ પર આધારિત પોસ્ટરો, માહિતી ચાર્ટ અને વિડીયોનું પ્રદર્શન કર્યું હતું. પ્રદર્શનનું આયોજન પ્રા. ભાવેશભાઈ ઠાકરે કર્યું હતું.



## વર્કશોપ



તારીખ ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ ઉધના સ્થિત ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત, ઉધના એકેડેમી કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લીકેશન એન્ડ ઈન્ફરમેશન ટેકનોલોજી (બી.સી.એ.)માં "ઓરેકલ બુટ કેમ્પ" વિષય પર એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ વર્કશોપમાં વિષય નિષ્ણાંત તરીકે સન ઈન્ફોર્મેશન સીસ્ટમના સેન્ટર મેનેજર તથા તેમની ટીમે હાજરી આપી માહિતી સભર વ્યાખ્યાન રજુ કર્યું હતું. દરેક વિદ્યાર્થીઓએ કોમ્પ્યૂટર પર

પ્રેકટીકલી તમામ માહિતીઓ ઈમ્પ્લીમેન્ટ કરી હતી અને તેમણે વિદ્યાર્થીઓને ઘણી જ મુલ્યવાન જાણકારી તથા માર્ગદર્શન પુરૂ પાડયું હતું. આ વર્કશોપમાં લગભગ ૯૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકમિત્રોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલેજના ઉપાચાર્ય ડૉ. મનીષભાઈ એમ. કાયસ્થ તથા બી.કોમ. કોલેજના ઉપાચાર્ય ડૉ. મેહુલભાઈ પી. દેસાઈએ પણ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા, તમામ શિક્ષકમિત્રો તથા કર્મચારીઓએ સંપૂર્ણ સહકાર આપ્યો હતો જે માટે આચાર્યશ્રીએ તમામને અભિનંદન પાઠવ્યા હતા.

## સત્કાર સમારંભ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન, આઈ.ટી.ટી. સંચાલિત કમલા કોલેજ ઑફ એજયુકેશનમાં તા. ૨૩-૯-૨૦૧૧ના રોજ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરનો સત્કાર સમારંભ યોજાયો હતો. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખશ્રી કે.કે. પટેલ, કામરેજ તાલુકાની શૈક્ષણિક સંસ્થાઓના આચાર્યશ્રીઓ, સહકારી મંડળીના પ્રમુખશ્રી તેમજ સમાજ-સોસાયટીના પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. સંસ્થાના ડાયરકેટરશ્રી ડૉ. અશોક વ્યાસે આવકાર આપ્યો હતો, તથા સંસ્થાના પ્રમુખશ્રી કે.કે. પટેલે કુલપતિનું પુષ્પગુચ્છ તેમજ સ્મૃતિભેટ દ્વારા સ્વાગત કર્યું હતું ત્યારબાદ કામરેજ તાલુકાના આચાર્યશ્રીઓ, પ્રમુખશ્રીઓ અને સમાજના અગ્રણીઓ દ્વારા કુલપતિશ્રીનું પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરએ પોતાની લાક્ષણિક ભાષાછટામાં વકતવ્ય રજૂ કર્યું હતું. વકતવ્યમાં તેમણે જણાવ્યું હતુ કે શિક્ષણનું સાચું ધ્યેય વિદ્યાર્થીને પ્રશ્નો પૂછતા કરવાનું છે. આ ઉપરાંત તેમણે સંસ્થાના વાતાવરણની નોંધ લેતા જણાવ્યું હતું પ્રાકૃતિક સૌદર્ય અને રમણીય પરિસરએ સંસ્થાનું જમા પાસું છે. તાપી કિનારાનું સૌદર્ય અવ્યકત આનંદની અનુભૂતિ કરાવનાર છે. પોતાના અનુભવો અને પ્રેરણા પ્રસંગો દ્વારા તેમણે શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમના અંતે કાર્યકારી આચાર્ય પ્રા. ઈલાબેન પટેલે આભાર દર્શન કર્યું .



# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**પુસ્તકાલય : કલ ઔર આજ.**

ડૉ. અજયકુમાર સિંહ

નવી દિલ્હીઃ અર્જુન પબ્લિશિંગ હાઉસ, ૨૦૧૧. પૃ. ૨૩૦.૭૨૫-૦૦

આ ગ્રંથમાં પુસ્તકાલય ઈતિહાસને લિપિબધ્ધ કરવામાં આવ્યો છે. પુસ્તકમાં પુસ્તકાલય વિકાસની ગાથાનું વર્ણન કરવામાં આવેલ છે. તેમાં પુસ્તકાલયનાં પ્રાચીન સ્વરૂપ અને આધુનિક સ્વરૂપને તુલનાત્મક દ્રષ્ટિએ વ્યકત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

રાજા ભોજ (૧૧મી સદી)ના સમયમાં વિદ્યાનો પ્રસાર વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. મજૂરો અને વણકરો પણ વ્યાકરણશાસ્ત્ર પર પોતાના અભિપ્રાયો આપતા હતા. વિશાળ મંદિરોના પરિસરમાં પણ વિશાળ પુસ્તકાલયો શરૂ કરવામાં આવેલ હતા. ચૌલુકય વંશના રાજા વિશાળદેવે (૧૬મી સદી) 'ભારતી ભંડાર' નામનું એક વિશાળ પુસ્તકાલય સ્થાપિત કર્યું હતું. આજે પણ કેટલાંક રાજયોમાં ઉત્તમ સંગ્રહાલય સુરક્ષિત જોવા મળે છે. જેમાં વડોદરા, કાશ્મીર, ગુજરાત, ત્રાવણકોર, મૈસુર, અલવર, જયપુર, બિકાનેર વગેરેના પુસ્તકાલયો ઉલ્લેખનીય છે. આજે પુસ્તકાલયો ફકત પુસ્તકને એકત્રિત કરવા સુધી મર્યાદિત નથી રહયાં, પરંતુ આજે તે વાચકો અથવા ઉપયોગકર્તાઓ દ્વારા વધારેમાં વધારે બુધ્ધિ તથા જ્ઞાન અને માહિતી મેળવવાનાં અને આપવાની કાર્યશાળા માનવામાં આવે છે. પ્રસ્તુત પુસ્તકમાં આ મહત્વપૂર્ણ તથ્યને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં પ્રકરણ : ૧ વિષયબોધ, ૨ઃ પુસ્તકાલય ક્રાંતિ : ઉદ્ભવ અને વિકાસ, ૩ઃ પુસ્તકાલય વર્ગીકરણ કી ઉત્પત્તિ એવં વિકાસ, ૪ઃ સૂચીકરણ કા ઉદ્ભવ એવં વિકાસ, ૫ઃ પુસ્તકાલય વિજ્ઞાન કે પાંચ સિધ્ધાંત, ૬ઃ પુસ્તકાલય સૂચના એવં પ્રલેખન કા ઉદ્ભવ એવં વિકાસ, ૭ઃ માઈક્રોફોર્મ કા ઉદ્ભવ એવં વિકાસ, ૮ઃ ગ્રંથાલયોં કી નેટવર્ક પ્રણાલી કા ઉદ્ભવ એવં વિકાસ, ૯ઃ સૂચના પુનપ્રાપ્તિ કી પ્રણાલિયાં તથા ઉનકી ઉપયોગિતા, ૧૦ઃ ગ્રંથાલયોં મેં યંત્રીકરણ તથા સંદર્ભ સેવા અને ૧૧ઃ ગ્રંથાલય એવં સૂચના પ્રણાલી કી રાષ્ટ્રીય નીતિ સમાવિષ્ટ થાય છે. આ પુસ્તક ગ્રંથાલયશાસ્ત્રના વિદ્યાર્થીઓ, ગ્રંથાલય વ્યાવસાયિકો અને ગ્રંથાલયશાસ્ત્રના તજજ્ઞોને ઉપયોગી નીવડશે. આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : B J Ankuya, Assistant Librarian

Published by : J R Mehta, Registrar

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com